સાયખા બ્લાસ્ટ: GIDC દ્વારા તપાસ શરૂ

વિશાલ્યકરણી ફાર્મકિમના બ્લાસ્ટમાં 24 કલાક બાદ કાટમાળમાંથી ત્રીજો મૃતદેહ મળી આવ્યો

ત્રણ મૃતકોના પરિજનોને અલગ અલગ રૂ.20 લાખ આપવાની પ્રાથમિક જાહેરાત

ભરૂચઃ સાયખા GIDCમાં આવેલી વી.કે. ફાર્મા કેમમાં બુધવારે મધરાત્રે થયેલા બ્લાસ્ટ બાદ ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. બુધવારે આખો દિવસ ભારે ધમાચકડીમાં બે મૃતદેહ મળ્યા બાદ વધુ એક કામદાર લાપતા હતો. 24 કલાક બાદ ગુરુવારે ત્રીજા કામદારની ડેડબોડી મળી આવી હતી.

ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગની ટીમ ઘટનાનાં કારણોની તપાસ કરી રહી છે અને DISH ના પ્રયાસોથી મૃત કર્મચારીઓ ધર્મેન્દ્ર મોહર, મનીષ કુમાર તેમજ સૂરજ કુમારના પરિજનોને કંપની તરફથી પ્રાથમિક 20 લાખનું વળતર આપવાની હાલ જાહેરાત કરી હતી. સમગ્ર બ્લાસ્ટની ઘટના લઈને કંપની માલિક ગૌતમ પટેલ અને અતુલ પટેલ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ વિકરાળરૂપ ઘટનાને લઈને DISH સાથે GPCB એ પણ કંપની સંચાલકો સામે કાર્યવાહી કરવા ગાંધીનગર વડી કચેરીને રિપોર્ટ મોકલી આપ્યો છે. આ દુર્ઘટનામાં 7 લોકોને થયેલી ગંભીર ઈજા થઈ હતી. તેઓ હાલ જોખમથી બહાર સલામત હોવાના અહેવાલો સાંપડ્યા છે.

વિશાલ્યાકરણી ફાર્માકેમ કંપનીમાં ગત મોડી રાત્રે થયેલા પ્રચંડ બ્લાસ્ટને કારણે કંપનીનું માળખું જમીનદોસ્ત થઈ ગયું હતું. ગુરુવારે લાપતા ત્રીજા કર્મચારીનો મૃતદેહ મળતાં બચાવ કામગીરી પૂર્ણ જાહેર કરાઈ હતી. બ્લાસ્ટમાં આસપાસની કંપનીઓના કર્મચારીઓ સહિત 24 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમને તાત્કાલિક સારવાર આપવામાં આવી રહી હતી. આ ગંભીર ઔદ્યોગિક દુર્ઘટનાનાં મૂળ કારણો શોધવા તપાસ થઈ રહી છે. સૂત્રો પાસેથી પ્રાથમિક માહિતી અનુસાર 3 ટન જેટલા ટોલ્વીન કેમિકલના કારણે આ વિસ્ફોટ થયો હોવાની આશંકા છે. ઘટના સ્થળ પર ASP અજયકુમાર મીના, વાગરા PI ગોહિલ, FSL અધિકારી વી.આર. પટેલ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર સહિતના વહીવટી અધિકારીઓની ટીમે મુલાકાત લઈને સ્થળ તપાસ આદરી છે. દુર્ઘટનાએ જોખમી ઔદ્યોગિક એકમોના સંચાલનમાં તકેદારીના નિયમોનું પાલન કરવા પર પ્રશ્નાર્થ ઊભા થઈ રહ્યા છે.

આમોદમાં ડાના ટેબલ પર કચરો ઠાલવનારા કોંગ્રેસી વિરુદ્ધ ફરિયાદ

મીડિયાની હાજરીમાં વ્યક્તિગત રીતે ટાર્ગેટ કરાયા હોવાની સેનેટરી ઈન્સ્પેક્ટરની ફરિયાદ

આમોદ, ભરૂચઃ આમોદ નગરપાલિકાના વોર્ડ નં.૩ના છેલ્લા ઘણાં સમયથી પાણીની લાઇન લીકેજ તેમજ ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે ટેમ્પા નહીં આવવાના પ્રશ્નો બાબતે જંબુસર વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ કેતન મકવાણાએ સેનેટરી ઇન્સ્પેક્ટર તેમજ મુખ્ય અધિકારીને રજૂઆત કરી હતી. છતાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવતો ટેમ્પો નહીં આવતા તેમણે પોતાના ઘરનો કચરો નગરપાલિકા કચેરી ખાતે લાવી સેનેટરી ઇન્સ્પેક્ટરના ટેબલ ઉપર ઠાલવી રોષ વ્યક્ત કર્યો હતો.

જે બાબતે સેનેટરી ઇન્સ્પેક્ટર હિતેશ અસારી અને કેતન મકવાણા વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. ગઈકાલે સાંજે યૂથ કોંગ્રેસ પ્રમુખ કેતન મકવાણા સામે સેનેટરી ઇન્સ્પેક્ટરે ભારતીય ન્યાય સંહિતાની કલમ 221, 224, 352, 351 (3) હેઠળ ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે આમોદનું રાજકારણ ગરમાયું છે. સેનેટરી ઇન્સ્પેક્ટર હિતેશ અસારીએ જણાવ્યું હતું કે કેતન મકવાણાએ વ્યક્તિગત ટાર્ગેટ કરીને મીડિયાની હાજરીમાં અમારા ટેબલ ઉપર કચરો ઠાલવ્યો હતો.

રાજકીય કિન્નાખોરી રાખી દલિતોનો અવાજ દબાવવા ફરિયાદ થઈ છે: કેતન મકવાણા

બીજી તરફ કેતન મકવાણાએ જણાવ્યું હતું કે અમારા વિસ્તારમાં પાણીની લાઇન લીકેજ હતી તેમજ કચરો ઉઘરાવતો ટેમ્પો આવ્યો નહીં એટલે અધિકારીના ટેબલ ઉપર કચરો ઠાલવ્યો હતો. મારી ઉપર રાજકીય કિન્નાખોરી રાખીને દલિતોનો અવાજ દબાવવા માટે ફરિયાદ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે નગરપાલિકા તેમજ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ સર્જાયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

વાલિયામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

ભરૂચઃ વાલિયાની શ્રી રંગ નવચેતન વિદ્યા મંદિર શાળા ખાતે ક.મા.મુનશી એસ.વી.એસ. કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન GCRT ગાંધીનગર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી-ભરૂચ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભરૂચ દ્વારા આયોજિત કરાયું હતું. પ્રદર્શનનો મુખ્ય વિષય 'વિકસિત અને આત્મનિર્ભર ભારત' હતો, જેમાં બાળકો દ્વારા તૈયાર કરાયેલી કુલ 147 વિવિધ કૃતિ રજૂ કરવામાં આવી હતી. આમંત્રિત મહેમાનો દ્વારા રિબિન કાપીને પ્રદર્શનીને ખુલ્લી મૂકવામાં આવી હતી. મહેમાનોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને કૃતિઓ નિહાળી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કેળવણી નિરીક્ષક ભૂમિકાબેન ખેર, જિલ્લા તાલીમ ભવન તરફથી વિજ્ઞાન સલાહકાર ડો.રોબિન ભગત, જિલ્લા માધ્યમિક શિક્ષક ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ચેરમેન કિરીટસિંહ ઘરિયા, જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના મહામંત્રી સંજય વસાવા, કનૈયાલાલ માણેકલાલ મુનશી સંકુલના કન્વીનર ઈશ્વર પટમાર, સરકારી માધ્યમિક શાળા શિક્ષક સંઘના પ્રમુખ યોગેન્દ્રસિંહ સિમોદરિયા અને ટ્રસ્ટી વનરાજસિંહ મહિડા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડની તળાદ વિભાગ માધ્યમિક શાળાનું ગૌરવ

સાયણઃ ઓલપાડ તાલુકાની તળાદ વિભાગ માધ્યમિક શાળા, તળાદમાં ધો.12માં અભ્યાસ કરતા વિદ્યાર્થી જૈમિન બીપીનભાઈ માલવિયાએ અંડર-19 ક્રિકેટ ટીમમાં સુરત જિલ્લામાંથી પસંદગી પામી ગાંધીનગર મુકામે યોજાયેલી રાજ્ય કક્ષાના શાળાકીય ક્રિકેટ કેમ્પમાં ભાગ લઈ પરિવાર તેમજ શાળાનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ હોનહાર વિદ્યાર્થી જૈમિને એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં સમગ્ર શાળામાં અગ્ર સ્થાન હાંસલ કર્યું હતું. તેને શાળાનું ગૌરવ વધારવા બદલ સ્થાનિક કેળવણી મંડળ તેમજ તળાદ શાળા પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

અંકલેશ્વરના રેયાંશ મકવાણાની સિદ્ધિ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ધો.7માં અભ્યાસ કરતા રેયાંશ રાજેશ મકવાણાએ રાજ્ય કક્ષાની સોફ્ટ ટેનિસ અંડર-14 ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કરી ભરૂચ જિલ્લા અને અંકલેશ્વરનું નામ રોશન કર્યું છે. રેયાંશ આગામી મધ્યપ્રદેશમાં રમાનાર રાષ્ટ્રીય કક્ષાની સોફ્ટ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહ્યો છે. આ સોફ્ટ ટેનિસ ટુર્નામેન્ટમાં રાજ્યમાંથી 16 જેટલા સ્પર્ધકે ભાગ લીધો હતો, જેમાં રેયાંશે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો.

જેસપોર ખાતે બિરસા મુંડા રથયાત્રામાં ગયેલા

તવડીના સરપંચ સહિત બેનાં અકસ્માત મોત, ચાર ઘાયલ

રાજપારડી તરફથી આવતી ટ્રકે વાનને ટક્કર મારી

ઝઘડિયાઃ જેસપોર ગામે બિરસા મુંડા યાત્રાનો કાર્યક્રમ પૂરો કરીને પરત ફરતા તવડી ગામના સરપંચ સહિત ૬ ઈસમને ગોઝારો અકસ્માત નડ્યો હતો, જેમાં સરપંચ સહિત બે જણાનાં મોત થયાં હતાં.

ઝઘડિયાના તવડી ગામના સરપંચ દેવેન્દ્રભાઈ ચતુરભાઈ વસાવા (ઉ.વ.40) તેમજ વીરસીંગ સનાભાઇ વસાવા સહિત અન્ય ચાર ઈસમ બુધવારે જેસપોર ગામે બિરસા મુંડા રથયાત્રાનો કાર્યક્રમ પૂર્ણ કરી ઇકો ગાડીમાં પરત તવડી ગામે જતા હતા. એ વેળા જેસપોર ખાતે રાત્રે સાડા આઠ વાગ્યે રાજપારડી તરફથી આવતી હાઈવા ટ્રક ચાલકે ગફલતભરી રીતે હંકારી ઇકો ગાડીને ટક્કર મારી હતી. જેમાં સરપંચ દેવેન્દ્રભાઈ ચતુરભાઈ વસાવા, વીરસીંગ સનાભાઇ વસાવાનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. તેમજ અન્ય સવાર શૈલેષભાઈ ભીમજીભાઇ વસાવા, વિરમભાઈ ડાયાભાઈ વસાવા, નરેશભાઈ પરથમભાઈ વસાવા, અનિલભાઈ દલપતભાઈ વસાવા ઈજાગ્રસ્ત થતાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા. આ બાબતે સરપંચના ભાઈ વસંતભાઈ ચતુરભાઈ વસાવાએ ઝઘડિયા પોલીસમાં હાઈવા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વાલેસામાં ત્રણ ભરવાડનો ભરવાડ ઉપર હુમલો

માથામાં ધારિયું મારતાં ઘાયલ ભરવાડને હોસ્પિટલ ખસેડાયો

હથોડાઃ વાલેસા ગામની હદમાં ને.હા. નજીક વર્ષોથી રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતાં એક ભરવાડ પર સામાન્ય બાબતે ત્રણ ભરવાડોએ હુમલો કરી માથામાં ધારિયાનો ઘા ઝીંક્યો હતો. આથી ઘાયલ ભરવાડને ગંભીર ઈજા સાથે સારવાર માટે કામરેજની હોસ્પિટલમાં ખસેડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની વિગત એવી છે કે, કોસંબા પોલીસ હદ વિસ્તારના વાલેસા ગામની ભાગોળેથી પસાર થતા નેશનલ હાઈવે નજીક વર્ષોથી ભરવાડો રહે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. એક ભરવાડ સાથે નજીકમાં જ રહેતા ત્રણ જણાએ સામાન્ય બોલાચાલી અને ગાળગલોચ કર્યા કરી હતી. આ બનાવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ત્રણ ભરવાડોએ લાકડી અને ધારિયાથી હુમલો કર્યો હતો અને એક ભરવાડને માથામાં ધારિયાનો ઝાટકો મારતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેને લોહીલુહાણ હાલતમાં કામરેજની લીલાબા હોસ્પિટલમાં સારવારમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ઘટના બાબતે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. વધુમાં હજુ સુધી આરોપીનાં નામ જાણી શકાયાં નથી.

'ફ્રેમસ તવા ફ્રાય' હોટલના માલિક સામે જાહેરનામા ભંગનો ગુનો

ભરૂચઃ ભરૂચ શહેર બી-ડિવિઝન પોલીસે ફ્રેમસ તવા ફ્રાય નામની હોટલના માલિક વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મસવરઆલમ અબ્દુલ જબ્બાર આલમે પોતાની હોટલમાં બહારના રાજ્યના મજૂરને રાખ્યા હોવા છતાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં એ અંગે કોઈ નોંધણી ન કરાવી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. બી-ડિવિઝન સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન મહમદપુરા, નન્નુમીયા નાળા પાસે ફ્રેમસ તવા ફ્રાય હોટલ પર પહોંચ્યો હતો. જ્યાં મૂળ બિહારના કિશનગંજ જિલ્લાનો મોહમ્મદ મુશહીદ આકમ જુનેદ આલમ મજૂર તરીકે કામ કરતો મળી આવ્યો હતો. પૂછપરછમાં તેણે જણાવ્યું કે, તે રૂ.12,000ના પગારે એક મહિનાથી અહીં કામ કરે છે. જો કે, દુકાનદારે આ મજૂર પરપ્રાંતીય હોવાથી સ્થાનિક પોલીસમા આ અંગેની નોંધણી ન કરાવતાં હોટલ માલિક વિરુદ્ધ ગુનો નોધી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભૃગુઋષિ બ્રિજ નીચેથી એલ્યુમિનિયમ ફેક્ટરી સુધીના રસ્તા ઉપર પ્રતિબંધ

ભરૂચઃ ભરૂચ નગરપાલિકા દ્વારા ભૃગુરૂષિ બ્રિજની નીચેથી એલ્યુમિનિયમ ફેક્ટરી સુધીના રસ્તા ઉપર આર.સી.સી. રોડ બનાવવાનું અને ટ્રીમ વોટર ડ્રેઈનનું કામ ચાલુ કરવાનું હોય તા.10મી જાન્યુઆરી 2026 સુધી રસ્તા ઉપર વાહનોની અવરજવર બંધ કરવા ભરૂચ મુખ્ય અધિકારીએ જાહેરનામું પ્રસિદ્ધ કરવા રજૂઆત કરી હતી. આ બાબતે વાહન વ્યવહાર ડાયવર્ટ રૂટ કરવા પોલીસ અધિક્ષક હકારાત્મક અભિપ્રાય આપ્યો છે, જેમાં બાગાયત ઓફિસ (જૂની ITI) (ગુજરાત ગેસ ઓફિસની સામે)-અપના ઘર સોસાયટીએ જગન્નાથ મંદિર નાળા-નંદેલાવ, મોટાં વાહનો માટે નંદેલાવ-ફેઇથ કેલ્વેરી સ્કૂલ, જયનારાયણ સોસાયટી, શક્તિનાથ સર્કલ, જયનારાયણ સોસાયટી, ફેઇથ કેલ્વેરી સ્કૂલ, નંદેલાવ અને રેલવે ગોદી, ઋતવા પેલેસ કોમ્પ્લેક્સ, કલેક્ટર કચેરી સર્કલ, શક્તિનાથ સર્કલ, શક્તિનાથ સર્કલ, કલેક્ટર કચેરી સર્કલ, ઋતવા પેલેસ કોમ્પ્લેક્સ, રેલ્વે ગોદીનો સમાવેશ થાય છે. આ બાબતે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.આર.ધાધલ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ-1951 હેઠળ આગામી તા.10મી જાન્યુઆરી-2026 સુધી ભૃગુઋષિ બીજની નીચેથી એલ્યુમિનિયમ ફેક્ટરી સુધીના રસ્તા ઉપર વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા જાહેરનામામાં જણાવાયું છે.

કોસંબાના મદ્રેસામાંથી આસામનો 11 વર્ષનો સગીર ગુમ

હથોડાઃ આસામથી શિક્ષણ મેળવવા માટે સુરત જિલ્લાના કોસંબા ખાતે આવેલો 11 વર્ષનો સગીર ગુમ થતાં મદ્રેસાના ટ્રસ્ટી ગણ દ્વારા ગુમ થયેલા સગીરને શોધી આપવા પોલીસની મદદ માંગી છે. જૂના કોસંબા ખાતે મુસ્લિમ સોસાયટી વિસ્તારમાં આવેલા મુદ્રેસા જામિયા ફલાહ નામની મદ્રેસામાં શિક્ષણ મેળવવા માટે આસામના ઢુબરી જિલ્લાના કઠાલડી ગામનો વતની અબ્દુલ મનનાન મુજીબુર રહેમાન મદ્રેસામાં રહેતો હતો. જે બે દિવસથી કોઈને પણ જાણ કર્યા વગર મદ્રેસામાંથી ક્યાંક ચાલ્યો ગયો છે. આ બાબતે કોસંબા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટના બાબતે જાતે ગુમ થયો અથવા કોઈ તેનું અપહરણ કરી ગયાની હાલ જાણવા જોગ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
De DE Pyaar De-2
10:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 10:00pm
Laalo-krishna Sada Sahayate-Gujarati
12:00pm, 02:00pm, 04:00pm, 05:30pm, 07:00pm, 09:00pm, 09:30pm,
Dusshera-Gujarati
11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને અને લાગતા વળગતાઓને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા માંગરોળના મોજે ગામ તરસાડીના રે.સર્વે નંબર-૬૫૩પૈકી+૬૫૮પૈકી+૬૫૯પૈકી સીટી સર્વે નંબર- ૭૮૯૯+૭૯૮૨+૭૯૮૩ પૈકીની એન.એ. થયેલી જમીનના પ્લોટો પૈકી પ્લોટ નંબર- એ-૫૬ જેનું ક્ષેત્રફળ ૧૪૮.૫૯ ચો.મી. આ સિવાય માર્જીન અને કોમન પ્લોટની વરાડે પડતી ૨૧.૮૦ ચો.મી.ની ખુલ્લી જમીન મળી કુલ ૧૭૦.૩૯ ચો.મી. ની ખુલ્લી જમીન વાળી મીલ્કતના માલીક/કબજેદાર તરીકે હમો મધુબેન દિલીપભાઇ પંચાલ યાલી આવેલા છીએ. જેનો વેચાણ દસ્તાવેજ નંબર-૬૫૭, તા.૦૪/૦૪/૧૯૯૭ ના રોજની અસલ રજીસ્ટ્રેશન રસીદ તેમજ અસલ વેચાણ દસ્તાવેજ મજકુર મીલકતના માલીક મધુબેન દિલીપભાઇ પંચાલ થી ખોવાઇ ગયેલ છે કે ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવીએ છીએ. જેથી સદરહુ મીલકતમાં કોઇપણ જાતનો ચાર્જ બોજો, લીયન યા કોઇપણ પ્રકારનો હક્ક હિસ્સો, લાગભાગ કે કોઇપણ વ્યકિત, બેંક કે સંસ્થાનું લેણું કે દર-દાવો નથી. અને જો હોય, તો તે અંગેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલા ઠેકાણે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ મીલકતમાં કોઇનો કોઇપણ જાતનો લાગભાગ કે હક્ક હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેવું માની લઇ મુદ્દત વિત્યે થી હમો મીલકતના માલીક મધુબેન દિલીપભાઇ પંચાલ અન્ય અસીલને સદરહુ મીલકતનો પાકો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરી આપશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની નોંધ લેવી.

મારી સુચનાથી
મધુબેન દિલીપભાઇ પંચાલ
મધુબેન દિલીપભાઇ પંચાલ

મારી મારફતે
હિના એન. સોની (એડવોકેટ એન્ડ નોટરી)
રહે. મહાવીર એપાર્ટમેન્ટ, પટેલ પ્લાયવુડની બાજુમાં, જલારામ ચોકડી, તરસાડી (કોસંબા), તા.માંગરોળ, જી.સુરત.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૩૬૨/૨૦૨૫
તા.૦૬/૧૦/૨૦૨૫

વાદી :- નગીનાબેન તે પ્રવિણભાઈ ચૌધરીની પુત્રી અને મનસુખભાઈ ચૌહાણની પત્ની, રહે.ડામરેજ, વેદનગરી સોસાયટી માધવ પેલેસ, તા.ડામરેજ, જી.સુરત-૩૯૧૮૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉરકેર રામકુંડ ગ્રુપ ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી નગીનાબેન તે પ્રવિણભાઈ ચૌધરીની પુત્રી અને મનસુખભાઈ ચૌહાણની પત્ની, રહે.ડામરેજ, વેદનગરી સોસાયટી માધવ પેલેસ, તા.ડામરેજ, જી.સુરત-૩૯૧૮૦એ તેઓના પોતે નગીનાબેન પ્રવિણભાઈ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નગીનાબેન પ્રવિણભાઈ ચૌધરી ૨. જન્મ તારીખ: 01/06/1989 ૩. જન્મનું સ્થળ: મોજે.મુંજલાવ, તા.માંડવી, જી.સુરત

સબળ, ઉપરોક્ત વિગતે નગીનાબેન પ્રવિણભાઈ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.13/11/2025ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૩૫૮/૨૦૨૫
તા.૦૬/૧૦/૨૦૨૫

વાદી :- બિલેશભાઈ ઠાકોરભાઈ ગામીત, રહે.બોરસદ, સ્ટેશન ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બોરસદ ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી બિલેશભાઈ ઠાકોરભાઈ ગામીત, રહે. બોરસદ, સ્ટેશન ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૧૧૦એ તેઓના માતા ફરીબેન ઠાકોરભાઈ ગામીતનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ફરીબેન ઠાકોરભાઈ ગામીત ૨. મરણ તારીખ: 01/01/2001 ૩. મરણનું સ્થળ: મોજે.બોરસદ, તા.માંગરોળ, જી.સુરત

સબળ, ઉપરોક્ત વિગતે ફરીબેન ઠાકોરભાઈ ગામીતના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.13/11/2025ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમितતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો અને સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૬૪૭૯૯૫૩૬	મિલકત સામે લોન	૧. વસાવા સુનિલભાઈ ૨. વસાવા ચંપાબેન	૧૧.૧૦.૨૦૨૫	રૂ.૫,૪૬,૮૬૬.૯૦/-

મિલકત નું સરનામું : તમામ ભાગ અને હિસ્સો ધરાવતુ ગામ પંચાયત ઘર નં. ૧૨૧, માપ ૫૧ X૨૨ મોજે તવડી, રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીકટ ઝઘડીયા, અને રજીસ્ટ્રેશન, ભરૂચ,ગુજરાત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પૂર્વ તરફ :** ખાડી કોતર (રોડ) ,**પશ્ચિમ તરફ :** વિમલભાઈ વસંતભાઈ વસાવા નુ ઘર ,**ઉત્તર તરફ :** વિઠ્ઠલભાઈ બધરભાઈ વસાવા નુ ઘર, **દક્ષિણ તરફ, :** નિલેષભાઈ ધિરૂભાઈ વસાવા નુ ઘર આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય કોસ્ટ, ખર્ચાઓ વિગેરે સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્